**મહેસાણાની શ્રમ અદાલતના પ્રમુખ અધિકારીશ્રી એમ.એમ.અગ્રવાલ સાહેબ સમક્ષ.**

**રીકવરી (સી–૨) અરજી નં.૯/૨૦૧૭**

**આંક–૧૪**

અરજદાર – લક્ષ્મણજી મોતીજી ઠાકોર,
ઠાકોરવાસ, ગામ–ઉમતા,
તા.વિસનગર, જી.મહેસાણા.

**// વિરૂધ્ધ //**

સામાવાળા – પરીક્ષેત્ર વન અધિકારીશ્રી,
વન વિભાગ, મુ.તા.ખેરાલુ, જી.મહેસાણા.

**વિષય – ઔદ્યોગિક વિવાદ ધારાની કલમ–૩૩–સી(૨) હેઠળ વસુલાત અરજી.**

<u>પ્રતિનિધિત્વ</u> –
અરજદાર તરફે – વિ.પ્રતિનિધિશ્રી એ.આર.શાહઝાદા.
સામાવાળા તરફે – વિ.વકીલશ્રી પી.એ.ગાંધી.

## :– ચુ કા દો –:

**(૧)** હાલના અરજદારે આ રીકવરી અરજી આઈ.ડી.એકટની કલમ–૩૩–સી(૨) અન્વયે એવોર્ડ અન્વયેની લેણી રકમની વસુલાત માટે કરેલ છે જેની ટુંકમાં હકીકત એવી છે કે, અરજદારનો રેફરન્સ (એલ.સી.કે.) નં. ૮૩/૮૯ ના કામે અત્રેની અદાલતે અરજદારનો રેફરન્સ મંજુર કરી સામાવાળાનું કૃત્ય ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ અને અરજદારને પડેલા દિવસોના પુરેપુરા પગાર સહીત સળંગ સર્વિસથી નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો અને ખર્ચના રૂા.૨૦૦/– ચુકવી આપવાનો હુકમ કરેલો જે હુકમની નકલ એનેક્ષર–બી થી સામેલ રાખેલ છે. અરજદારે સામાવાળા સમક્ષ હુકમનું પાલન કરવા વારંવાર વિનંતીઓ કરવા છતાં સામાવાળાએ હુકમનો અમલ કરેલ નથી. અરજદારે તા.૨૫/૦૭/૮૭ થી તા.૨૫/૦૭/૦૭ સુધીના પડેલા દિવસોના પગારની રકમ તથા રેફરન્સ ખર્ચના રૂા.૨૦૦/– તથા રીકવરી અરજ નં. ૪૬/૦૭ (નવો નં.૪૬૪/૦૮) દાખલ કરેલ તેમાં નામ.કોર્ટે રૂા.૧,૦૬,૨૮૦/– ચુકવી આપવાનો હુકમ

કરેલો જે હુકમ એનેક્ષર–સી થી રજુ રાખેલ છે. સામાવાળાએ અરજદારને તા.૧૮/૧૧/૧૫ ના રોજ નોકરીમાં પુન:સ્થાપિત કરેલા પરંતુ આજદીન સુધી પડેલા દિવસોના પગારની રકમ ચુકવી આપેલ નથી. જેથી અરજદારે તા.૨૫/૭/૨૦૦૭ સુધીના પડેલા દિવસોના પગારની રકમ અગાઉ રીકવરી અરજ નં. ૪૬/૨૦૦૭ માં માંગણી કરેલી છે જે અંગેનો હુકમ થયેલો છે જેથી હવે પછી તા.૨૬/૭/૨૦૦૭ થી નોકરીમાં પુન:સ્થાપિત કર્યા તા.૧૮/૧૧/૨૦૧૫ સુધીની પડેલા દિવસોના પુરેપુરા પગારની રકમ આ સાથે એનેક્ષર–એ માં દર્શાવેલ ગણતરી પ્રમાણે રૂા.૪,૭૨,૫૭૬.૬૫ પૈસા સામાવાળા ચુકવવા જવાબદાર થાય છે. સામાવાળાએ અરજદારને આજદીન સુધી પડેલા દિવસોના પગારની રકમ ચુકવી આપેલ નથી. અરજદાર એનેક્ષર–એ માં દર્શાવેલ ગણતરી પ્રમાણેની બાકી રકમ રૂા.૪,૭૨,૫૭૬.૬૫ પૈસા સામાવાળા અરજદારને ચુકવી આપે તેવો હુકમ કરવા માંગણી કરેલ છે.

અરજદારે તેઓની અરજી સાથે રેફરન્સ નં. ૮૩/૮૯ તથા રીકવરી અરજી નં.૪૬૪/૦૮ ના ચુકાદાની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે.

(૨) આ કામે અરજદાર તરફે આંક–૫ થી અરજના પ્લીડીંગમાં જરૂરી સુધારો કરવા બાબતે અરજી આપેલ છે. જે અરજી વિરૂધ્ધ સામાવાળા તરફે કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. ત્યારબાદ અરજદારની આંક–૫ ની અરજી લગત મારી અગાઉના ન્યાયાધીશશ્રીએ હુકમ કરેલ છે અને જણાવેલ છે કે ન્યાયના હીતમાં અરજી મંજુર અને આંક–૧ માં જરૂરી સુધારો કરવા પરવાનગી આપેલ છે.

(૩) આ કામમાં આંક–૭ થી અરજદારનું પુરાવા સોગંદનામુ રજુ કરવામાં આવેલ છે જેની ઉલટ તપાસ સામાવાળાના વિ.વકીલશ્રી તરફે કરવામાં આવેલ છે.

(૪) આ કામમાં સામાવાળા તરફે આંક–૮ થી લેખિત જવાબ રજુ કરેલ છે. સામાવાળાએ અરજદારે તેઓની અરજીમાં જણાવેલ હકીકતોનો પેરાવાઈઝ ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે અરજદાર ગેરહાજર રહેતા હતા અને એક તરફી હુકમ થયેલ. અરજદાર પોતાની જાતે કામ ઉપર આવતા બંધ થઈ ગયેલા અને નો વર્ક ઓ પે સિધ્ધાંત મુજબ કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર તેઓને આવી કોઈ રકમની ચુકવણી થતી નથી. અરજદારે માત્ર ૩ અને ૪ વર્ષ કામ કરીને પડેલા દિવસોના પગારની માંગણી કરેલ છે તે માંગણી મળવાપાત્ર ન હોઈ રદ થવા પાત્ર છે તેમ જણાવી અરજદારે કરેલી માંગણી રદ થવાને પાત્ર હોઈ અરજદારની અરજી રદ કરવા જણાવેલ છે.

આંક–૧૦ થી અરજદાર તરફે મૌખિક પુરાવો પુરો થયેલ હોવાનું પુરસીસ આપીને જાહેર કરેલ છે.

(૫) આ કામ સામાવાળાના પુરાવા ઉપર રહેલ. પોકાર કરતા સામાવાળા તરફે સાક્ષી પુરાવો રજુ કરવામાં ન આવતા અરજદારની આંક–૧૩ ની અરજી અન્વયે સામાવાળાનો સાક્ષી પુરાવાનો હકક બંધ

કરવામાં આવેલ છે અને ત્યારબાદ આ કામ બંને પક્ષકારોની દલીલો માટે મુકરર કરવામાં આવેલ.

(૬) અરજદાર તરફે વિ.વકીલશ્રી એ.આર.શાહઝાદા ધ્વારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે અરજદારે અરજીમાં જણાવેલ હકીકતો પર, અરજદાર તરફે રજુ કરવામાં આવેલ લેખિત દસ્તાવેજી પુરાવા પર તેમજ અરજદારે જુબાનીના સોગંદનામામાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે. જયારે સામાવાળા તરફે કોઈ હાજર ન રહેતા સામાવાળાની દલીલોનો હકક બંધ સદર કામ હુકમ પર મુકરર કરવામાં આવેલ છે.

(૭) સામાવાળા તરફે વિ.વકીલશ્રી પી.એ.ગાંધી ધ્વારા મૌખિકમાં દલીલો કરવામાં આવેલ છે જેમાં મુખ્યત્વે સામાવાળાએ જવાબમાં જણાવેલ હકીકતો પર ભાર મુકેલ છે. ત્યારબાદ સદર કામ હુકમ પર મુકરર કરવામાં આવેલ છે.

(૮) અરજદારના વિ.વકીલશ્રીની દલીલો સાંભળી. અરજદારની અરજી, રજુ કરેલ લેખિત દસ્તાવેજી પુરાવાઓ તેમજ જુબાનીનું સોગંદનામું વંચાણે લીધું. સામાવાળા તરફે રજુ થયેલ લેખિત જવાબ તથા લેખિત દસ્તાવેજી પુરાવા વંચાણે લીધા. આ કામમાં નીચેના મુદ્દાઓ મારા ન્યાય નિર્ણય માટે ઉપસ્થિત થાય છે.

**–: <u>મુદ્દાઓ</u> :–**

૧. શું અરજદાર આ કામના સામાવાળા પાસેથી એનેક્ષર–એ માં જણાવ્યા મુજબની કાયદેસરની લેણી નીકળતી રકમ મેળવવા હકકદાર બને છે કે કેમ?

૨. શું હુકમ?

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબ નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. હકારમાં.

૨. છેવટના હુકમ મુજબ.

**//કારણો//**

**(૧૦) મુદ્દા નં.૧:–**

આ કેસનું સમગ્ર રેકર્ડ જોતાં એ નિર્વિવાદ હકીકત છે કે, આ કામના અરજદારને સામાવાળા સંસ્થાએ તા.૨૫/૦૭/૧૯૮૭ના રોજથી નોકરીમાંથી છુટા કરતા અરજદારે ઔદ્યોગિક વિવાદ ઉપસ્થિત કરેલ જે મહેસાણા મજુર અદાલત ખાતે રેફરન્સ (એલ.સી.કે.) નં.૮૩/૮૯ થી ચાલતો હતો. સદર રેફરન્સના કેસમાં મજુર અદાલત, મહેસાણા ધ્વારા તા.૨૭/૧/૧૯૯૪ના રોજ હુકમ પસાર કરેલ છે અને અરજદારનો રેફરન્સ મંજુર કરી અરજદારને પડેલા દિવસોનો પગાર ચુકવવા તેમજ રેફરન્સ ખર્ચના

રૂા.૨૦૦/– ચુકવી આપવાનો હુકમ કરેલ અને આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં કરવાનો હુકમ કરેલ. ત્યારબાદ સામાવાળા સંસ્થાએ અરજદારને તા.૧૮/૧૧/૨૦૧૫ ના રોજ નોકરીમાં પુન:સ્થાપિત કરેલા પરંતુ તા.૨૫/૭/૨૦૦૭ સુધીની અગાઉની રીકવરી અરજી નં.૪૬/૨૦૦૭ માં માં ગણી કરેલ જે રીકવરી અરજી અગાઉના ન્યાયાધીશશ્રીએ મંજુર કરેલ છે. પરંતુ હાલની રીકવરી અરજી તા.૨૬/૭/૨૦૦૭ થી નોકરીમાં પુન:સ્થાપિત કર્યા તા.૧૮/૧૧/૨૦૧૫ સુધીના પડેલા દિવસોની લઘુતમ વેતન મુજબની રકમ રૂા.૪,૭૨,૫૭૬.૬૫ પૈસા મેળવવા માટે કરેલ છે જે રકમ મેળવવા અરજદાર હકકદાર થાય છે અને આ રકમ ચુકવવાની સામાવાળા સંસ્થાની જવાબદારી છે. પરંતુ સામાવાળા સંસ્થાએ આજદીન સુધી રકમ ચુકવી આપેલ નથી.અરજદારે સામાવાળા પાસેથી લેણી નીકળતી રકમની ગણતરીનું એનેક્ષર–એ આ અરજી સાથે રજુ કરેલ છે. અરજદારે તેઓની અરજીમાં જે હકીકત જણાવેલ છે તે જુબાનીના સોગંદનામાંથી સમર્થન આપેલ છે.અરજદારની રીકવરી અરજી અન્વયે આ કામમાં આંક–૮ થી લેખિત જવાબ રજુ કરેલ છે. આ લેખિત જવાબમાં સામાવાળા સંસ્થાએ અરજદાર જાતે કામ ઉપર આવતા બંધ થઈ ગયેલ હોઈ નો વર્ક નો પે ના સિધ્ધાંત મુજબ આવી કોઈ રકમ મેળવવા હકકદાર નથી તેથી અરજદારની અરજી રદ કરવા જણાવેલ છે. મુળ રેફરન્સના કામમાં કરવામાં આવેલ હુકમની સામે પરચુરણ અરજી દાખલ કરેલ હોય કે મુળ હુકમને ઉપલી અદાલતમાં પડકારીને મનાઈ હુકમ મેળવેલ હોય તેવી કોઈ રજુઆત સામાવાળા સંસ્થાએ આ લેખિત જવાબમાં કરેલ નથી. સામાવાળા સંસ્થાએ લેખિત જવાબમાં જણાવેલ હકીકતોને લેખિત કે મૌખિક દસ્તાવેજી પુરાવા રજુ કરીને પુરવાર કરેલ નથી. તેમજ અરજદારે અરજીમાં એનેક્ષર–એ મુજબની રકમ લેવા બાબતે જે હકીકત જણાવેલ છે તે હકીકતનું ખંડન કરવા માટે સામાવાળાએ કોઈ લેખિત કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.સામાવાળા સંસ્થાએ આ કામમાં જે જવાબ રજુ કરેલ છે તેને જોવામાં આવે તો તેઓએ અરજદારને આ અરજી કરવાનો કોઈ કારણ ઉપસ્થિત થયેલ નથી તેમજ એનેક્ષર–એ માં જણાવ્યા મુજબની માંગણી મળવાપાત્ર નથી તેવુ જણાવેલ છે. હકીકતમાં સામાવાળા સંસ્થાએ મુળ રેફરન્સના કામમાં કરવામાં આવેલ હુકમને પડકારવો જોઈએ અને મુળ રેફરન્સના કામમાં કરવામાં આવેલ હુકમની સામે મનાઈ હુકમ મેળવવો જોઈએ અથવા તો મુળ રેફરન્સના કામમાં કરવામાં આવેલ હુકમને રદ કરવો જોઈએ, તો જ અરજદાર આ રીકવરી અરજીમાં માંગ્યા મુજબની રકમ સામાવાળા પાસેથી મેળવવા માટે હકકદાર થાય નહી. મારી સમક્ષ અરજદાર તરફે રજુ કરવામાં આવેલ લેખિત તેમજ મૌખિક પુરાવાને જોવામાં આવે તો મુળ રેફરન્સ નં. ૮૩/૮૯ ના કામમાં કરવામાં આવેલ હુકમને સામાવાળાએ પડકારેલ નથી કે સદર હુકમને સામાવાળાએ રદ કરાવેલ નથી કે સદર હુકમની સામે સામાવાળાએ કોઈ ઉપલી અદાલતમાં કેસ દાખલ કરીને મનાઈ હુકમ મેળવેલ નથી. તે જોતાં મુળ રેફરન્સ (એલ.સી.કે.) નં.૮૩/૮૯ ના કામમાં કરવામાં આવેલ હુકમમાં કોઈ ફેરફાર થયેલ

નથી. તે જોતાં સદર હુકમ મુજબ અરજદારને સામાવાળા પાસેથી અરજીના એનેક્ષર–એ માં જે ગણતરી કરેલ છે તે મુજબની રકમ રૂા.૪,૭૨,૫૭૬.૬૫ પૈસા લેવાના નીકળે છે તેવું ઠરાવવામાં આવે છે અને તેથી મુદ્દા નં.૧ નો મારો જવાબ હકારમાં આપુ છું અને આ કામમાં નીચે મુજબનો છેવટનો હુકમ કરવામાં આવે છે.

**–ઃ હુ ક મ ઃ–**

(૧) અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદારે અરજીમાં માંગ્યા મુજબ તા.૨૬/૦૭/૨૦૦૭ થી તા.૧૮/૧૧/૨૦૧૫ સુધીના પડેલા દિવસોના પગારની રકમ રૂા.૪,૭૨,૫૭૬.૬૫ પૈસા તેમજ હાલની અરજી ખર્ચના રૂા.૨,૦૦૦/– મળી કુલ રૂા.૪,૭૪,૫૭૬.૬૫ પૈસા (અંકે રૂપિયા ચાર લાખ ચુવ્વોતેર હજાર પાંચસો છોત્તેર અને પાસઠ પૈસા પુરા) સામાવાળા અરજદારને ચુકવી આપે તેવો હુકમ કરવામાં આવે છે. તેમજ સામાવાળાએ ઉપરોકત સમય દરમ્યાનની જો કોઈ રકમ ચુકવેલ હોય તો તે રકમ બાદ કરી બાકી રહેતી રકમ ચુકવી આપવી.

(૩) સામાવાળા ઉપરોકત બાકી લેણાં તથા ખર્ચના નાણાં હુકમની જાણ થયેથી દિન–૩૦ માં અરજદારને ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૭ માહે–માર્ચ સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

મહેસાણા.
તા.૧૭/૦૩/૨૦૨૬

(મીમાંશા મહેશ અગ્રવાલ)
GJ01382
પ્રમુખ અધિકારી,
શ્રમ અદાલત, મહેસાણા.